| | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| હવામાન નવસારી | ૩૨.૦° સે. | ૨૫.૦° સે. |
| આહવા | 30.0° સે. | ૨૪.0° સે. |
| વલસાડ | ૩૧.૦° સે. | ૨૫.૦° સે. |
| વાપી | ૩૧.૦° સે. | ૨૫.૦° સે. |

# નવસારી-વલસાડ-વાપી

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

નવસારી : ૭૪૨૬૧૮૯૫૩૩ | વલસાડ : ૮૯૯૯૮૩૩૩૩૩ | વાપી : ૯૯૦૯૯૯૫૨૧૧ | દમણ : ૯૯૯૮૯૬૩૨૨૫ | સેલવાસ : ૯૮૨૫૪૮૭૬૬૪




## સંક્ષિપ્ત સમાચાર

### વલસાડની શાળાના વિદ્યાર્થીઓ પોલીસ સ્ટેશનની મુલાકાતે



**વલસાડ** : વલસાડ બાઈ આવાબાઈ સ્કૂલના વિદ્યાર્થીઓએ વલસાડ પોલીસ સ્ટેશનની મુલાકાત લીધી હતી અને પોલીસની કામગીરી અંગે વિદ્યાર્થીઓને સમજણ આપવામાં આવી હતી. આપત્તિના સમયે પોલીસ કઈ રીતે કામ કરે છે અને સાથે સાથે તમામ સમયમાં પોલીસની મદદ કેવી રીતે લેવી એ તમામ સમજણ આપવામાં આવી હતી.

### હાઇવા ટ્રકે ખેરગામની શાળાનો ગેટ તોડી નાંખ્યો




ખેરગામ : ખેરગામના ખાખરીફળીયા ખાતે આવેલી પ્રાથમિક શાળાના નવા મકાનનું બાંધકામ કરવામાં આવી રહ્યું છે. જેમાં બાંધકામ કરવા માટે કોન્ટ્રાકટરે રેતી મંગાવી હતી. મંગળવારની મોડી રાત્રે GJ.05.BT.4545 નંબરની હાયવા ટ્રક રેતી ભરીને શાળામાં ખાલી કરવા માટે આવી હતી. રેતી ખાલી કરીને જતા ટ્રકનું હાઇડ્રોલીક ઊંચું રહી જવાનો ટ્રક ડ્રાઈવરને જેનો ખ્યાલ ન રહેતા શાળાનો મેઈન ગેટ સાથે અથડાતા ગેટ તૂટીને ટ્રક પર પડ્યો હતો. સાથે ટ્રકમાં અવરલોડ રેતી ભરેલી હોવાથી શાળાના આંગણામાં બેસાડેલા પેવરબ્લોક પણ જમીન દોસ્ત થઈ જવા પામ્યા હતા.

### ઉમરગામની મહેતા કોલેજમાં 'ઓઝોન ડે' ની ઉજવણી



ઉમેશ સોલંકી

ઉમરગામ : નવનિર્માણ કેળવણી મંડળ સંચાલિત ઉમરગામ મહએતા કોલેજમાં 'ઓઝોન ડે' ની ઉજવણી કરવામાં આવી હતી. કોલેજના પ્રો. વિજયભાઈ માગેલા તથા પ્રો.નિમિષાબેન અગ્રવાલ દ્વારા વિદ્યાર્થીઓને ઓઝોન ડે વિષે માર્ગદર્શન પૂરું પાડી વધુમાં વધુ વૃક્ષો વાવી પ્રદુષણ પર નિયતરણ લાવવા પ્લાસ્ટિક ઉપર નિયત્રણ માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું .કાર્યક્રમને સફળ બનવવા બદલ કોલેજના આચાર્ય ડો. પ્રીતિબેન પટેલ અને સંસ્થાના ટ્રસ્ટી સુકેતુ મેહતાએ બધા વિદ્યાર્થીઓને અભિનંદન આપ્યા હતા.

### રાણકપુર ટ્રેનમાંથી મુસાફરનો મોબાઈલ ચોરાયો

વાપી : રાણકપુર એક્પ્રેસ ટ્રેનમાં મોબાઈલ ચોરાયો હોવાની ફરિયાદી મનોહર સિંગ કેશરસિંગ રાણાવત (રહે.મરુદ, કિશોર કો.ઓ.હા. સોસાયટી, બોરીવલી)એ રેલવે પોલીસમાં નોંધાવી હતી. તેઓ ગત 12 સપ્ટેમ્બરે રાત્રે આબુરોડ સ્ટેશનથી બોરીવલી આવવા રાણકપૂર એક્સપ્રેસ ટ્રેનમાં જનરલ કોચમાં મુસાફરી કરી રહ્યા હતા. દરમિયાન તેમના મોબાઈલનું ચાર્જીગ ઉતરી જતા સુરત સ્ટેશનથી પ્લગમાં ફિટ કરી મોબાઈલ હાથમાં પકડ્યો હતું. દરમિયાન 13 સપ્ટેમ્બરે સવારે 4.30 વાગે નવસારી સ્ટેશન આવતા તેમની આંખ ખુલતા મોબાઈલ ગાયબ જોવા મળ્યો હતો.

### ખેરગામમાં વાહનચાલકોને ટ્રાફિકના નિયમો અંગેનાં પેમ્પ્લેટનું વિતરણ



**ખેરગામઃ** નવસારી ટ્રાફિક શાખા સુરક્ષા સેતુ દ્વારા વાહન ચાલકો નવા ટ્રાફિક નિયમોનું પાલન કરવામાં જાગૃત થાય તથા ટ્રાફિક નિયમોનું ચુસ્તપણે પાલન કરવામાં આવે તે માટે ખેરગામ જનતા માધ્યમિક શાળા તેમજ બાબા સાહેબ આંબેડકર સર્કલ પાસે ખેરગામ પોલીસ સ્ટેશનના પીએસઆઇ કમલેશ ભોયે તેમના સ્ટાફ અને ટ્રાફિક બ્રિગેડ દ્વારા વાહન ચાલકોને ટ્રાફિક નિયમો અંગેનું પેમ્પ્લેટ વિતરણ કરી જાગૃત કરવાનો પ્રયાસ હાથ ધર્યો હતો. જેનો સારો લોકપ્રતિભાવ મળ્યો હતો. નવા નિયમોનો અમલ તા.૧૬-૧૦-૧૯ થી હવે લાગુ થશે.

### ચીખલી રેફરલમાંથી બાઇકની ઉઠાંતરી

**ઘેજઃ** ચીખલી રેફરલ હોસ્પિટલના કેમ્પસમાંથી સંબંધીની ખબર કાઢવા આવેલા ડોલવણના વ્યકિતની મોટર સાયકલ કોઇ ઊઠાવી જતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. પોલીસ મથકેથી પ્રાપ્ત વિગત મુજબ ફરિયાદી શંકરભાઇ સોનકાભાઇ કૌણી (રહે, કરંજખેડ, ડુંગરી ફળિયા ડોલવણ) ૪ સપ્ટેમ્બરના રોજ તેમના સબંધી સંદીપભાઇ કૌકણીની રેફરલ હોસ્પિટલમાં ખબર કાઢવા માટે આવ્યા હતા. આ દરમ્યાન ત્યાં મુકેલી તેમની સ્પેલેન્ડર મોટર સાયકલ જી. જે. ૨૬ આર ૭૭૩૯ કિંમત રૂ. ૬૫૦૦૦ બપોરના સમયે કોઇ અજાણ્યો ઇસમ ચોરી જતા આ અંગેની તેમની ઉપરોક્ત હકીકત મુજબની ફરિયાદ પોલીસે ચોરી અંગેનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

### ટુકવાડા હાઈવે પર ઊભેલા બે મિત્રોને કન્ટેનરે અડફેટે લેતાં એકનું મોત

**પારડી** : પારડી તાલુકાના ટુકવાડા હાઈવે પર પરીયા અને રોહીણાના બે કારીગરો દમણમાં સેન્ટીંગ ના કામ માટે જઈ રહ્યા હતા, તે દરમ્યાન ક્રોસિંગ પાસે એક કન્ટેનર ચાલકે પુરઝડપે હંકારી બંને કારીગરોની મોપેડને ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. જે અકસ્માતમાં એક કારીગરના માથા પર ટાયર ફરી જતા ઘટના સ્થાળે જ મોત નીપજ્યું હતું,પારડીના પરીયા ગામના દિનેશભાઈ પટેલ મોપેડ પર પોતાની સાથે સેન્ટીંગનું કામ કરતા રોહિણાના બાલુભાઈ નીયાભાઈ પટેલને બેસાડી દમણમાં કામ માટે જઈ રહ્યા હતા તે સમયે ટુકવાડા હાઇવે પર મોપેડ લઇને ઉભા હતા. તે દરમિયાન કન્ટેનર નંબરનો ચાલક પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી મોપેડને ટક્કર મારી હતી. જે અકસ્માતમાં બાલુભાઈના માથા ઉપર કન્ટેનરનું ટાયર ચડી જતા ઘટના સ્થળ પર જ મોત નીપજ્યું હતું.

# વાપી ચણોદના એપાર્ટમેન્ટમાં ગટર નથી : દૂષિત પાણી ઊભરાતાં ગંદકી

**ગટરનું** ગંદુ પાણી બિલ્ડિંગની બાજુમાંથી નીકળતું હોવાથી લોકો બીમારીમાં સપડાતા હોવાની રાવ

**રહીશોએ જિલ્લા** કલેક્ટરને રજૂઆત કરી



વલસાડ : વાપી ચણોદના એપાર્ટમેન્ટના રહિશોએ વરસાદી પાણીના નિકાલ માટેની ગટર બનાવવા બાબતે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપ્યું છે.

વાપી ચણોદના અલકનંદા રેસિડેન્સીના રહિશોએ ગુરુવારના રોજ જિલ્લા કલેક્ટર આર. સી. ખરસાણને આવેદનપત્ર આપ્યું હતું. આવેદનપત્રમાં જણાવ્યા મુજબ વાપી નિદિષ્ટ વિસ્તારની સર્વગ્રાહી વિકાસની અમલીકરણ સમિતિની બેઠક તા. 5-1-19 માં ચણોદ કોલોનીથી શિવમ મણિનગર થઈ નગરપાલિકાને જોડતી કોતરમાં આર.સી.સી. બોક્ષ ગટર બનાવવાનું કામ મંજૂર થયેલું હતું. જે કામ માર્ગ મકાન વિભાગને સોપેલ પણ આજદિન સુધી કામ થયું નથી. ગટરનું ગંદુ પાણી બિલ્ડિંગની બાજુમાથી નીકળતું હોવાથી અલકનંદા રેસિડેન્સીમાં રહેતા લોકો પાણીના કારણે બીમાર પડે છે. બાળકો સ્કૂલ જાય ત્યારે પણ આવા પાણીમાથી જવું પડે છે. વરસાદના કારણે કમર સુધી પાણી ભરાય છે. ગંદુ પાણીના કારણે તેમાં મચ્છર પેદા થાય છે. જેના કારણે ડેન્ગ્યુ, મલેરીયા, ચિકનગુનીયા જેવી મોટી બીમારી થવાનો ડર રહે છે. જેને લઈ રહિશોએ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર સુપ્રત કરાયું છે.

## નવસારીના બંધ મકાનમાંથી તસ્કરો દાગીના ચોરી ગયા

**પરિવાર જૂના** બંધ ઘરમાં સફાઇ માટે આવ્યા ત્યારે ખબર પડી કે ચોરી થઇ

નવસારી : નવસારીના જોષી મહોલ્લામાં જુના બંધ મકાનમાંથી કોઇ અજાણ્યો ચોર ૩૧ હજારની મત્તાની ચોરી કરી નાસી ગયાનો બનાવ નવસારી ટાઉન પોલીસ મથકે નોધાયો છે.

નવસારીના જોષી મહોલ્લામાં નિલકંઠ એપાર્ટમેન્ટમાં નિમેશભાઇ બળદેવભાઇ જોષી રહે છે. નિમેશભાઇનું જોષી મહોલ્લામાં જ જુનુ મકાન આવ્યુ છે. જે ઘર કેટલાક સમયથી બંધ હતુ.

ગત ૧૨મીએ નિમેશભાઇ અને તેમના પરિવારે તેમના જુના ઘરમાં સાફ-સફાઇ કરી હતી. જ્યાંથી બપોરે જુનુ ઘર બંધ કરી તેમના નવા ઘરે જતા રહયા હતા. દરમિયાન કોઇ અજાણ્યા ચોરે ઘરનો પાછળનો દરવાજો ખોલી રસોડાની બારીની ગ્રીલ કાઢી અંદર પ્રવેશ કર્યો હતો.

ત્યારબાદ તે ચોરે ઘરમાં મુકેલા બે લોખંડના અને ત્રણ લાકડાના કબાટો ખોલી તેમાંથી એક જોડી સોનાની બુટ્ટી તથા સોનાની બે નાની વીટીઓ, સોનાના ૪ નંગ નાના પેંડલ, ચાંદીનું મંગળસુત્ર, ચાંદીના ૪ નંગ દિવા, ચાંદીની ગાય, ૫૦ ગ્રામ ચાંદી અને ૬ હજાર રૂપિયા રોકડા મળી કુલ્લે ૩૧ હજાર રૂપિયાની મત્તા ચોરી કરી નાસી ગયો હતો.

આ બનાવ અંગે નિમેશભાઇએ નવસારી ટાઉન પોલીસ મથકે અજાણ્યા ચોર વિરૂદ્ધ ફરિયાદ નોધાવતા આગળની તપાસ પીએસઆઇ એસ.કે. ગામીતે હાથ ધરી છે.



કેરસી બારીયા

## રોડની વચ્ચે બે 'આખલા' બાખડ્યા

બીલીમોરા : બીલીમોરા મેંગુસી હોસ્પિટલ નજીક અમલસાડ માર્ગ ઉપર ગુરૂવારે સાંજે બે આખલાઓએ સામસામે શિંગડા ભેરાવતા રાહદારીઓમાં ગભરાટ વ્યાપી ગયો હતો. લાંબા સમય સુધી જોર અજમાઈશ બાદ હાર સ્વીકારી ભાગી રહેલા આખલા પાછળ જીતેલા આખલાએ દોટ મુક્તા ફિલ્મી દ્રશ્યો સર્જાયા હતા. બીલીમોરા સહિત ગણદેવી તાલુકામાં રખડતા ઢોરોની જટિલ સમસ્યા જેમની તેમ છે. માર્ગ ઉપર અડિંગો જમાવી બેસતા ઢોરોના ધણ અકસ્માતને નોતરી રહ્યા છે, તેમ છતાં પણ વહીવટી તંત્રના પેટનું પાણી હલતું નથી. રખડતાં ઢોરોને અંકુશમાં લેવાના બદલે નવા-નવા ગતકડાંઓ કરી નોટબંધી પછી ફરી એક વખત લોકોને ઘેટા બકરાની જેમ લાઇનમાં પીયુસી કઢાવવા ઊભા રાખી દીધા છે. ભલે સરકારે ૧૫ ઓક્ટોબર સુધી મુદતમાં વધારો કર્યો છે. પણ વાહનોની સંખ્યા જોતા એ સમય પણ હાલ તો અપુરતો હોય તેવું લાગી રહ્યું છે.

## નાનાપોંઢાથી કપરાડાનો ધોરી માર્ગ જર્જરિત, ઠેરઠેર મસમોટા ખાડા

**ભારે વરસાદથી** ધોવાયેલા માર્ગથી વાહનચાલકોને ભારે મુશ્કેલી

**માંડવાથી કપરાડા કુંભઘાટ સુધી જોખમી વળાંકનો માર્ગ તૂટી જતાં જાનનું જોખમ**

**માંડવા ગામથી** કપરાડા કુંભઘાટ સુધી અતિ જોખમી વળાંક ઘાટનો ધોરીમાર્ગ સંપૂર્ણપણે તૂટી જતાં ભારેખમ વાહન ચાલકોને વાહન હંકારતા જાનનું જોખમ રહેલું છે. આ ધોરીમાર્ગની ગંભીર સમસ્યાને લઈ કપરાડા કે તેના આસપાસમાં સરકારી કચેરીઓમાં કે શાળામાં શિક્ષકોને બસ દ્વારા પહોંચતાં વધુ સમય લાગે છે. ઉપરાંત આ માર્ગ ભારે વરસાદથી ધોવાઈ જતાં સરકારી એસટી બસો પણ ખોટકાઈ પડે છે. ખખડધજ રસ્તાને લઈ ડીઝલનો વપરાશ વધી જતાં ચાલકોને મોટું નૂકશાન વેઠવું પડે છે.

વાપી : વલસાડ જિલ્લામાં મેઘાએ ધબરાટી મચાવી દેતાં નાના મોટા તમામ માર્ગોની હાલત કફોડી બની ગઈ છે. માર્ગોની વચ્ચે પડેલા મસમોટા ખાડાઓ લોકોને હોસ્પિટલોમાં ધકેલી રહ્યા છે.

જિલ્લાના અંતરિયાળ વિસ્તારમાં સતત ધમધમતો નાનાપોંઢાથી કપરાડા વચ્ચેનો રાજ્ય ધોરીમાર્ગ ભારે વરસાદથી તદ્દન ધોવાઈ ગયો છે. જ્યાં જૂઓ ત્યાં બસ ખાડા જ ખાડા દેખાઈ રહ્યા છે. માર્ગની વચ્ચે પડેલા મસમોટા ખાડાઓને લઈ આસપાસના ગ્રામ્ય વિસ્તારના ગ્રામજનો અને વાહનચાલકો પારાવાર મુશ્કેલી વેઠી રહ્યા છે.

કપરાડા તરફ જતા આ ધોરીમાર્ગ પર જોગવેલ ગામ નજીક નાનાપુલના નાળાં જોખમી બની ગયા છે. તેની હાલત બિસ્માર બનતાં ગંભીર અકસ્માત થઈ શકવાની ભીતી ગ્રામજનો સેવી રહ્યા છે. ભારે વરસાદને લઈ ઉદભવેલી આ સમસ્યાના નિવારણ અર્થે છેલ્લા 3 માસથી કોઈપણ સબંધીત સરકારી વિભાગે તેની કાળજી ન લેતાં ગ્રામજનો માટે ત્યાંથી પસાર થવું તે એક મોટી સમસ્યા ઉભી થઈ છે.

## જલાલપોરના મંદિર ગામનો કચરો દૂર કરવા માંગણી

**કચરાના** કારણે દુર્ગંધ ફેલાતા રોગચાળો ફાટી નીકળવાની પરિસ્થિતિ

નવસારી : જલાલપોર તાલુકાના મંદિર ગામે ગંદો કચરો દુર કરી આરોગ્ય માટેના પગલા લેવાની માંગ કરી મંદિર ગામના રહેવાસીઓએ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યુ હતુ.

જલાલપોર તાલુકાના મંદિર ગામના રહેવાસીઓએ જિલ્લા કલેક્ટરને પાઠવેલા આવેદનપત્રમાં જણાવ્યુ હતુ કે, મંદિર ગામે આવેલી આંગણવાડીની બાજુમાં ચોસઠ જોગણી માતા અને અગ્નીદેવ મંદિરની બાજુમાં આઝાદ મેદાન પાસે ગ્રામ પંચાયત દ્વારા કે ગામના લોકો દ્વારા ગંદો કચરો નાંખી ગંદકીનો ઢગલો મોટો કરી દેતા ખુબ જ દુર્ગંધ આવે છે અને રોગચાળો ફાટી નીકળે તેવી પરિસ્થિતિ પેદા થતા સરપંચ અને ગ્રામ પંચાયતને જાણ કરતા તેઓ કોઈ બાબતે ધ્યાને લેતા નથી. જેથી ગામના લોકોનું આરોગ્ય જોખમાય તેવી પુરી સંભાવના છે. જેથી સ્વચ્છતા માટે કચરો હટાવવા યોગ્ય કાર્યવાહી કરવાની માંગ કરી છે. મંદિર ગામે માહયાવંશી મહોલ્લામાં જવા-આવવાના મુખ્ય માર્ગ જર્જરીત છે.

જેના કારણે નાના-મોટા અકસ્માત થાય છે. જેથી તાત્કાલિક ડામર રોડ બનાવવાની માંગ કરી છે. મંદિર ગ્રામ પંચાયત આખા દિવસમાં અડધો કલાક પાણી આવે છે જે કોઈપણ સમયે પાણી આપી માહયાવંશી મહોલ્લાના લોકોને હેરાન-પરેશાન કરવાનું ષડયંત્ર સરપંચ બનાવી રહયાના આક્ષેપો કર્યા હતા. છેલ્લા ૬ મહિનાથી નળની પાઈપ લાઈન તુટીને ગટર સાથે જોઈન્ટ થઈ છે. જેના કારણે ખુબ જ ગંદુ પાણી આપવામાં આવે છે. જેથી લોકો બિમાર પડે છે. સરપંચને વારંવાર રજુઆત કરવા છતા વાત ધ્યાને લેતા ન હોવાના આક્ષેપો કર્યા હતા. અને ગામના લોકો સાથે જાતિ ભેદભાવ રાખતા હોવાનું જણાવ્યુ હતુ. જેથી માહયાવંશી મહોલ્લાના લોકોને પીવાનુ ચોખ્ખુ પાણી આપે તેવી વ્યવસ્થા કરવાની માંગ કરી છે.

**સાપુતારાથી વઘઇના ધોરી માર્ગ પર સાકરપાતળ ગામ નજીક**

## એસટી બસનાં ચાલકે ઓવરટેકની લ્હાયમાં ટ્રક અને ટેન્કરને ટક્કર મારી

**અમરેલી-શિરડી** એસટી બસનાં ચાલકે ગફલતભરી રીતે હંકારી બે વાહનોને અડફેટેમાં લેતાં અકસ્માત સર્જાયો

**અકસ્માતનાં** બનાવમાં એસટીમાં સવાર મુસાફરોનો ચમત્કારિક બચાવ



ગીરીશ ભોયે

સાપુતારા : ડાંગ જિલ્લાનાં સાપુતારાથી વઘઈને સાંકળતા આંતરરાજ્ય ધોરીમાર્ગનાં સાકર પાતળ ગામ નજીક અમરેલી-શિર્ડી એસટી બસનાં ચાલકે ઓવરટેકની લ્હાયમાં ગફલતભરી રીતે હંકારી એક ટ્રક તથા ઉભેલા પાણીનાં ટેન્કરને અડફેટમાં લેતા ઘટના સ્થળે ગંભીર અકસ્માત સર્જાયો હતો.

ઘટના સ્થળ ઉપરથી મળતી માહિતી મુજબ ગુરુવારે સાંજનાં અરસામાં શિર્ડીથી અમરેલી જતી ગુજરાત એસટી નિગમની શિર્ડી-અમરેલી એસટી બસ.ન.જી. જે. 18.ઝેડ.3219 જે સાપુતારાથી વઘઈને સાંકળતા આંતરરાજ્ય ધોરીમાર્ગનાં સાકરપાતળ ગામ નજીક ઓવરટેકની લ્હાયમાં ગફલતભરી રીતે હંકારી પુરપાટવેગે સામે મંદિર પાસે ઉભેલા પાણીનાં ટેન્કર તથા સામેથી આવી રહેલી ટ્રકને અડફેટેમાં લેતા ઘટના સ્થળે ગંભીર અકસ્માત સર્જાયો હતો, અહી ઘટના સ્થળે એસટી બસે બે જેટલા વાહનોને અડફેટમાં લઈ સાઈડનાં ખાડામાં ખાબકી થંભી જતા ઘટના સ્થળે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

જોકે આ અકસ્માતનાં બનાવમાં એસટી બસમાં સવાર તમામ મુસાફરોનો ચમત્કારિક બચાવ થયો હતો,અહી આ અકસ્માતનાં બનાવમાં એસટી બસ સહિત ટેન્કર તથા ટ્રક એમ ત્રણેય વાહનોને નુકસાન થયુ હતુ.

### સરપોર-પારડીમાં આધેડનો ફાંસો ખાઈ આપઘાત

નવસારી : નવસારી તાલુકાના સરપોર પારડી ગામે રહેતા ધર્મેશભાઈ હળપતિ (૪૫) મજુરી કામ કરી તેમના ઘરનુ ગુજરાન ચલાવતા હતા. ગત ૧૮મીએ ધર્મેશભાઈ રામુભાઈ પટેલના ખેતરમાં જઈ લીમડાના ઝાડ સાથે ઓઢણી બાંધી ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આ બનાવ અંગે મૃતકના ભાઈ ભીખુભાઈએ નવસારી ગ્રામ્ય પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

### લવાછાની પરિણીતા ગુમ થઈ

વાપીઃ વાપી નજીકના લવાછા ગામના પટેલ કાંટાની બાજુમાં આવેલ હરિદર યાદવની ચાલીમાં ચંદન શિવબચ્ચન ચૌબે પરિવાર સાથે રહે છે. ગત તારીખ 13-9-19 ના રોજ પત્ની સંગીતાદેવી દિકરી કાજલ બિમાર હોય જેને દવાખાને લઈ જવાની હતી. સંગીતાદેવીએ નજીકની ચાલીમાં રહેતા તેમના પિતા રાધેશ્યામને ત્યાં કાજલને મૂકી આવી હતી અને તેઓએ સરકારી દવાખાનામાં આધારકાર્ડ જરૂરી હોય જે લાવી નથી અને રૂમ ઉપર લેવા જાઉ છું કહી ગઈ હતી. જે બાદ પરત ફરી ન હતી. જેની શોધખોળ બાદ કોઈ પત્તો ન લાગતા પતિ ચંદન ચૌબેએ વાપી ડુંગરા પોલીસ મથકમાં પત્ની સંગીતાદેવી ગુમ થયાની જાણ કરી હતી.

**મુશ્કેલી** મહેકમના અભાવે પંચાયત કચેરીના અધિકારી, કર્મચારીઓ અવઢવમાં

# ઉમરગામ તાલુકા પંચાયતની કચેરીમાં સ્ટાફની ઘટ

**સરકારની** યોજનાઓની કામગીરી કરનાર સ્ટાફના અભાવથી યોજનાઓ લાભાર્થીઓ સુધી પહોંચતી નથી

ઉમરગામ : ઉમરગામ તાલુકા પંચાયત કચેરીમાં સ્ટાફની ઘણી ઘટ છે અને મહેકમના અભાવે કામગીરી ખોરંભે પડી રહ્યાનો ગણગણાટ છે. સરકાર વિકાસના બણગા ફૂંકે છે, અનેક કલ્યાણ કારી યોજનાઓ જાહેર કરે છે. પણ અમલ કરાવનાર કામગીરી કરનાર સ્ટાફનો અભાવ દૂર કરતી નથી. જેથી યોજનાઓ લાભાર્થીઓ સુધી પહોંચાડવામાં વહીવટી કામગીરી કરવામાં તંત્રને મુશ્કેલી પડી રહી છે.

સૂત્રો પાસેથી મળતી જાણકારી મુજબ ઉમરગામ તાલુકાના બાવન ગ્રામ પંચાયતનો વહીવટ તાલુકા પંચાયત કચેરીથી ચાલી રહ્યો છે. સાંપ્રત સમયમાં રાજ્ય સરકારની કલ્યાણકારી યોજનાઓનો લાભાર્થીઓ સુધી લાભ પહોંચાડવામાં તંત્ર વામણું પુરવાર થઈ રહ્યું છે. મહેકમના અભાવે ખુદ ઉમરગામ તાલુકા પંચાયત કચેરીના અધિકારી, કર્મચારીઓ અવઢવમાં મુકાયા છે. અને મુશ્કેલી અનુભવી રહ્યા છે રાજ્ય સરકાર દ્વારા અનેક કલ્યાણકારી યોજના જાહેર કરે છે પણ અમલ કરાવનાર કામગીરી કરનાર સ્ટાફનો અભાવ દૂર કરતી નથી. મેહકમના અભાવે સ્થાનિક કક્ષાએથી જરૂરી વહીવટી કામગીરી પૂર્ણ ન કરતા નિર્ધારિત સમયમાં કામગીરી પૂર્ણ થઈ શકતી નથી. વર્ગ-૩ માં મંજુર થયેલા મેંહકમમાં ઘણી જગ્યા ખાલી છે.

એક તરફ મહેકમનો અભાવ, જ્યારે બીજી તરફ રાજ્ય સરકાર દ્વારા યોજાતા કાર્યક્રમોમાં સમય ફાળવવો પડતો હોય જેને કારણે વહીવટી કામો ખોરંભે પડતા હોવાનું જણાઈ રહ્યું છે.

**તાલુકા પંચાયત કચેરીમાં આટલી જગ્યા ખાલી**

**હાલમાં** ઉમરગામ તાલુકા પંચાયત કચેરીમાં મદદનીશ તાલુકા વિકાસ અધિકારી, સર્કલ ઇન્સ્પેક્ટર, વિસ્તરણ અધિકારી(સહકાર) અ .મ .ઇ બાંધકામ, અ.મ.ઈ (એ.ટી.વી.ટી) હિસાબી શાખામાં સિનિયર ક્લાર્ક અને વહીવટી શાખામાં જુનિયર ક્લાર્ક અને વર્ગ-૪ ના પટાવાળાની જગ્યા ખાલી છે.



ઉમેશ સોલંકી

# નવસારી જિલ્લામાં વીજળીના કડાકા સાથે વરસાદ

## ગણદેવીમાં વીજળી પડતાં ૩૧ ગામોમાં અંધારપટ

**તાલુકાનાં** દસ ગામોમાં વૃક્ષ અને ડાળી પડતાં વીજ તાર તૂટ્યા

**બીલીમોરામાં** મકાનનો ભાગ તૂટતાં એક ઘાયલ, ગંધોરમાં બે ઘરોનાં પતરાં ઊડ્યા



બીલીમોરા, ધનોરીનાકા (ગણદેવી) : ગણદેવી તાલુકામાં બુધવાર સાંજે તોફાની પવન, કડાકા-ભડાકા સાથે અડધો ઇંચ વરસાદ વરસ્યો હતો. દરમિયાન ગણદેવી જેટકો વીજ કંપનીના ફિડર કંટ્રોલરૂમ ઉપર વીજળી પડતા બ્રેકર ફૂંકાયું હતું. પરિણામે ગણદેવી સહિત ૩૧ ગામોમાં વીજળી વેરણ બની હતી. લોકોએ રાત અંધારામાં વિતાવી હતી. ૧૦ ગામોમાં વૃક્ષ કે ડાળ પડતાં વીજ તારો તૂટ્યા હતા. જ્યારે બે મકાનના પતરા ઉડયા હતા જ્યારે બીલીમોરામાં અલીફનગર વિસ્તારમાં મકાનનો ભાગ તૂટી પડતા એક વ્યક્તિ ઘાયલ થયો હતો. વીજળીના કડાકા ભડાકા સાથે બુધવારે મોડી સાંજે અડધો ઇંચ વરસાદ ખાબક્યો હતો. જેમાં મીની વાવાઝોડું ફૂંકાતા બીલીમોરાના અલીફનગરમાં મકાનનો પાછળનો ભાગ તૂટી પડ્યો હતો, જેને લીધે પ્રકાશ રાઠોડને ઈજા પહોંચતા મેંગુષી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવાયા હતા. ગણદેવી તાલુકામાં નીચાણવાળા વિસ્તાર સહીત બીલીમોરા અંડરગ્રાઉન્ડમાં ફરી એક વખત પાણી ભરાયા હતા. ગણદેવી તાલુકામાં હાલ ની વર્ષાઋતુનો અત્યાર સુધી ૮૩.૨ ઈંચ વરસાદ વરસી ચૂક્યો છે જે ગત વર્ષ કરતાં ૧૧ ઈંચ વધુ છે.

### વીજ કંપનીના ફિડર ઉપર વીજળી પડતાં બ્રેકર ફૂંકાયું

ગણદેવી જેટકો વીજ કંપનીના ફિડર કંટ્રોલરૂમ ઉપર વીજળી પડતા બ્રેકર ફૂંકાયું હતું. પરિણામે ગણદેવી શહેર, ગડત, માણેકપોર, કેસલી, કલવાચ, ચાંગા-ધનોરી, કલીયારી, દેવસર સહિત ૩૧ ગામોમાં વીજળી ડૂલ થઇ હતી. પવન તાંડવ વચ્ચે વણગામ, દઢોરા, ટાંકલ, દેવસર, ઓરિયામોરિયા, વાસણ, દેવધા, ધમડાછા જેવા ગામોમાં વૃક્ષ કે ડાળ પડતા વીજતાર તૂટ્યા હતા.પરિણામે અંધારપટ્ટ છવાયો હતો. ગંધોર ગામે તળાવ ફળિયા માં રહેતાં જસુબેન મોહનભાઈ હળપતિ, તેમજ ઇશ્વરભાઇ બાબુભાઈ હળપતિ ના મકાન ના ચાર ચાર-પાંચ પતરા ઉડી ગયા હતા.

## વલસાડ જિલ્લામાં ગાજવીજ સાથે વરસાદથી લોકોને હાલાકી

**વાપીમાં** 2.44, અને વલસાડમાં 1.68 ઇંચ વરસાદ વરસ્યો

**ગાજવીજ** સાથે વરસાદ વરસતા લોકોને ગરમીથી રાહત મળી



વલસાડ : વલસાડ જિલ્લામાં ભારે ગાજવીજ સાથે વરસાદ વરસ્યો હતો. આજરોજ પુરા થતા 24 કલાકમાં વાપીમાં 2.44 ઇંચ, વલસાડમાં 1.68 ઇંચ વરસાદ વરસ્યો હતો. જ્યારે પારડીમાં 12 મીમી, કપરાડામાં 13 મીમી અને ઉમરગામ-ધરમપુરમાં 11 મીમી વરસાદ વરસ્યો હતો. વલસાડના આજરોજ બપોરે 2 થી 4 વાગ્યા સુધીમાં ભારે ગાજવીજ સાથે ભારે વરસાદ વરસ્યો હતો. લોકોને ગરમીથી રાહત મળી હતી અને રસ્તા ઉપર પાણી ભરાયા હતા. કેટલાક લોકોએ ભીજવની મજા માણી હતી.

## વરસાદી ઝાપટાથી ઉનાઈમાં પાણી ભરાયા



નિલેશ કાપડિયા

■ વાંસદા : ઉનાઈ પંથકમાં ગુરુવારે દિવસ દરમિયાન વાતાવરણ ખુલ્લું જોવા મળ્યું હતું. વાતાવરણમાં ભેજના કારણે ગરમીનું પ્રમાણ વધતા બફારો સહન કરવાનો વારો લોકોને આવ્યો હતો. જો કે સાંજે વાતાવરણમાં પલટો આવતા અચાનક વાદળછાયુ વાતાવરણ થતા ગાજવીજ સાથે વરસાદના જોરદાર ઝાપટાથી સમગ્ર પંથકમાં પાણી પાણી થઈ ગયું હતું. ઉપરાંત વાંસદા તાલુકામાં પણ બે દિવસથી વરસાદ પડવાનો શરૂ થયો છે. જેમાં આજે બપોર પછી વાદળોની ગર્જના અને વીજળીના ચમકારા અને પવન સાથે વરસાદ પડતાં લોકોની દોડધામ વધી ગઈ હતી. વરસાદ ચાલુ રહેતા વાતાવરણમાં ઠડક પ્રસરી જવા પામી હતી.

## ચીખલીમાં ધોધમાર વરસાદ, મામલતદાર કચેરીના ચોપડે 'નીલ'

**સોલધરામાં** વૃક્ષ ધરાશાયી થવાના વીસ કલાક બાદ પણ વીજ કંપની વીજપુરવઠો પૂર્વવત કરી શકી નહીં

**રાત્રિના** બનાવમાં બીજા દિવસે ચાર વાગ્યા સુધીમાં પણ મરામત નહીં થતા લોકોમાં રોષ



ધર્મેશ પટેલ

ઘેજ: ચોમાસાના અંતિમ તબકકામાં બુધવારની રાત્રિએ ચીખલી પંથકમાં વાતાવરણમાં અચાનક બદલાવ આવવા સાથે તેજ ગતિનો પવન શરૂ થયો હતો અને જોતજોતામાં ભારે પવન અને વીજળીના ચમકારા અને કડાકા - ભડાકા સાથે ધોધમાર વરસાદ તૂટી પડયો હતો વરસાદ સાથે જ સમગ્ર વિસ્તારમાં વીજળી ડૂલ થઈ જતા અંધારપટ છવાઇ ગયો હતો અને એક સમયે ભયાવહ માહોલ સર્જાયો હતો. સતત એકાદ કલાકના વરસાદમાં ઠેર ઠેર પાણી પાણી થઈ ગયા હતા. અને માર્ગો ઉપર વાહન - વ્યવહાર પણ પ્રભાવિત થયો હતો.

સોલધરા ગામના પરમાર મહોલ્લામાં આમલીનું વિશાળ કદનું વૃક્ષ ધરાશયી થતા વીજલાઇન તૂટવા સાથે વીજપોલ પણ જમીનદોસ્ત થતા બનાવના વીસેક કલાક બાદ પણ ચીખલી વીજ કંપનીની કચેરીના જવાબદારો વીજપુરવઠો પૂર્વવત કરી શકયા ન હતા.

રાત્રિના બનાવમાં બીજા દિવસે ચાર વાગ્યા સુધીમાં પણ મરામત ન કરી શકતા સોલધરા વિસ્તારમાં વીસ કલાકથી વધુ વીજ પુરવઠો બંધ રહ્યો હતો. જેને લઈને વીજ કંપનીના જવાબદાર ઈજનેરો સામે લોકોમાં રોષ ફેલાઈ જવા પામ્યો હતો.

ચીખલીમાં એકાદ કલાકથી વધુ ધોધમાર વરસાદ વરસ્યો પરંતુ મામલતદાર કચેરીના ચોપડે આ સમયે વરસાદ નીલ હતો. આમ, આ ધોધમાર વરસાદ મામલતદાર કચેરીના ચોપડે નોંધાયો જ ન હતો ત્યારે આ પ્રકારના બેદરકારતંત્ર પાસે કુદરતી આફતની સ્થિતિમાં લોકોએ શું અપેક્ષા રાખવી? આ અંગે જિલ્લા કલેકટર દ્વારા તપાસ કરાવી જવાબદારો સામે પગલા લેવાઈ તે જરૂરી જણાઈ રહ્યું છે.

### ચીખલી પંથકમાં અનેક ગામોમાં વૃક્ષો ધરાશાયી

ચીખલી પંથકમાં વાવાઝોડા સાથેના વરસાદમાં અનેક ગામોમાં વૃક્ષો ધરાશયી થતા વીજ પુરવઠો ખોરવાતા અંધારપટ છવાઇ ગયો હતો. રાનકૂવા વીજ કંપનીની કચેરીના તાબાના ચાસા, વાંદરવેલા, ચાપલધરા સહિતના ગામોમાં વૃક્ષો ધરાશયી થતા વીજલાઇન પર પડતા વીજ કંપનીને નુકસાન થવા સાથે અંધારપટ છવાતા કલાકો બાદ વીજપુરવઠો પૂર્વવત થયો હતો. આ ઉપરાંત તેજલાવ, બામણવેલ, સોલધરા સહિતના ગામોમાં પણ ઝાડ પડતા તાલુકા મથક ચીખલી સહિત સમગ્ર વિસ્તારમાં વીજળી ડૂલ થઇ ગઇ હતી.

## નવસારીમાં મેઘરાજાની ધુંઆધાર બેટિંગથી વાતાવરણમાં પલટો, ઠંડક પ્રસરી

**ખેરગામમાં** 2 ઇંચ, જ્યારે અન્ય પાંચ તાલુકાઓમાં અડધો ઇંચ વરસાદ પડ્યો

નવસારી : નવસારીમાં થોડા દિવસોથી મોડી રાત્રે ધીમી ધારે વરસાદ પડી રહ્યો છે. પરંતુ દિવસ દરમિયાન લોકોએ આકરા તાપનો સામનો કરવો પડી રહ્યો છે.

જોકે મોડી સાંજે મેઘરાજાએ ધુંઆધાર બેટિંગ કરતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. ખેરગામ તાલુકામાં 2 ઈંચ અને અન્ય પાંચ તાલુકાઓમાં અડધો ઈંચ વરસાદ પડ્યો હતો.

નવસારી કૃષિ યુનિવર્સિટીના હવામાન વિભાગ પાસેથી મળતી માહિતી મુજબ, ગુરૂવારે નવસારીમાં મહત્તમ તાપમાન 1 ડિગ્રી વધીને 33.5 ડિગ્રી નોધાયું હતું. જ્યારે લઘુત્તમ તાપમાન 0.5 ડિગ્રી વધીને ૨૩.૫ ડિગ્રી નોધાયુ હતુ. ગુરૂવારે સવારે વાતાવરણમાં 97 ટકા ભેજ જણાયો હતો.

જે બપોર બાદ ઘટીને 85 ટકાએ રહેતા લોકો બફારાથી અકળાયા હતા. ગુરૂવારે પવનોએ દિશા બદલતા દિવસ દરમિયાન ઉત્તર-પશ્ચિમ દિશાએથી 10 કિ.મી. ની ઝડપે ફુંકાયેલા પવનોએ રાહત આપી હતી. ગુરૂવારે સાંજે 6 વાગ્યે બાદ મેઘરાજાએ ધુંઆધાર બેટિંગ કરતા સાંજે વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી.

નવસારી જિલ્લામાં ગત બુધવારે સાંજે ૬ વાગ્યેથી લઇને ગુરૂવારે સાંજે ૬ વાગ્યે સુધી ૨૪ કલાકમાં, ચીખલી તાલુકામાં 54 મિ.મી. (2.2 ઈંચ), નવસારી તાલુકામાં 20 મિ.મી. (0.8 ઈંચ), જલાલપોર તાલુકામાં 18 મિ.મી. (0.7 ઈંચ), ખેરગામ તાલુકામાં 14 મિ.મી. (0.5 ઈંચ), ગણદેવી તાલુકામાં 11 મિ.મી. (0.4 ઈંચ), અને વાંસદા તાલુકામાં માત્ર 10 મિ.મી. (0.4 ઈંચ) વરસાદ નોધાયો હતો.

## વાપીમાં કાપડની થેલીઓનું વિતરણ



વાપી : વાપીમાં સહયોગ હેલ્પીંગ હેન્ડ દ્વારા મંગળવારે વાપી રેલવે સ્ટેશન ઉપર કાપડની થેલીઓનું મફતમાં વિતરણ કરાયું હતું. પ્લાસ્ટિકનો ઉપયોગ બંધ કરવા અને સરકાર દ્વારા લગાવાયેલા પ્લાસ્ટિક પ્રતિબંધને વધુ વેગ મળે તે હેતુથી અને લોકોમાં જાગૃતતા ફેલાવવાના આશયથી કાપડની થેલીઓ રેલવે સ્ટેશન પર મુસાફરોને આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં વાપી રેલવે સ્ટેશનના સુપ્રિન્ટેન્ડન્ટ એસ.કે. દત્તા, સહાયક સુપ્રિન્ટેન્ડન્ટ પ્રદીપ આહિર સહિત વાપી સહયોગ હેલ્પીંગ હેન્ડના સભ્યો ઉપસ્થિત રહ્યા હતાં.

## પારડીમાં પીયૂસી માટે વાહનચાલકોની લાંબી કતાર



અમૃત પટેલ

■ પારડી : ગુજરાતમાં વાહનનો કડક નિયમ માટે કાયદો લાગુ થયો છે. ત્યારે પારડીમાં વાહનચાલકો પીયૂસી મેળવવા નોકરી-ધંધાએ રજા મૂકી લાંબી કતારમાં ઉભા જોવા મળ્યા હતા. જો કે અગાઉના દિવસોમાં પાંચથી સાત વાહનચાલકો પીયુસી મેળવવા આવતા હતા. જયારે હાલમાં પારડીમાં 150 થી 200 વાહનચાલકો પીયુસી માટે લાઇનમાં ઉભા જોવા મળ્યા હતા. જો કે સરકારે બુધવારે વાહનોના નિયમોમાં 15 દિવસની રાહત આપી હતી. જેને લઇ વાહન ચાલકોમાં આનંદની લાગણી છવાઈ ગઈ હતી.



ધર્મેશ પટેલ

## ચીખલીમાં વિધવાઓને પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજનાની પોલિસીનું વિતતરણ

ઘેજ: ચીખલીના શારદા ફાઉન્ડેશન દ્વારા વડાપ્રધાનના જન્મ દિવસથી વિધવા બહેનોને પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજનાની પોલીસી વિતરણ કરવાનો પ્રારંભ સમરોલી ગામેથી કરાયો હતો.

શારદા ફાઉન્ડેશન દ્વારા ચીખલી અને ખેરગામ તાલુકાની વિધવા બહેનોની નોંધણી કરી વિવિધ કાર્યક્રમોના માધ્યમથી સેવાકીય પ્રવૃત્તિ કરવામાં આવી રહી છે. હાલે સાંસદ સી.આર. પાટીલની વધારેમાં વધારે લોકો વડાપ્રધાનની વીમા યોજનાનો લાભ લોકો અપીલને ધ્યાનમાં લઈ શારદા ફાઉન્ડેશનના સ્થાપક દર્શનભાઇ દેસાઈએ ૫૦૦૦ વિધવા બહેનોને આ વીમા યોજનાનું કામ પૂરુ પાડવાના નિર્ધાર સાથે જે તે ગામોમાં બેંકનો સ્ટાફ જઈને બચત ખાતાઓ ખોલાવી કામગીરી કરવામાં આવી રહી છે. જેમાં પાંચ વર્ષનું પ્રીમીયમ પણ શારદા ફાઉન્ડેશન દ્વારા ભરવામાં આવશે.

આ કામગીરીમાં આગેવાન દિપકભાઇ, હેમંત ટેલર, સંજયભાઇ પટેલ, માજી સરપંચ સુમનભાઇ પટેલ, ગ્રામ પ્રતિનિધિ ચેતન પટેલ સહિતનાઓ જોડાયા હતા.

## નવસારીના રૂસ્તમવાડી વિસ્તારમાં કેશડોલ ચૂકવવાની માગ

નવસારી : નવસારીના રૂસ્તમવાડી વિસ્તારમાં કેશડોલ ચુકવવાની માંગ કરી રૂસ્તમવાડીના રહેવાસીઓએ જિલ્લા કલેક્ટરને અવેદનપત્ર પાઠવ્યુ છે. રૂસ્તમવાડી વિસ્તારના રહેવાસીઓએ જિલ્લા કલેક્ટરને પાઠવેલા આવેદનપત્રમાં જણાવ્યુ હતુ કે, નવસારી શહેરના રૂસ્તમવાડી વિસ્તારમાં વરસાદી રેલનું પાણી ગત ૩જી અને ૪થી ઓગષ્ટે લોકોના ઘરમાં આશરે બે ફુટ જેટલા પાણી ઘરમાં ઘુસી ગયા હતા. અને ઘરવખરીના ઘણા સામાનને નુકસાન થયુ હતુ. છેલ્લે એક મહિનો થવા છતાં સરકાર તરફથી આજદિન સુધી કેશડોલ ચુકવવામાં આવી નથી. નવસારીના અન્ય વિસ્તારોમાં કેશડોલ ચુકવાઈ ગઇ છે. પરંતુ રૂસ્તમવાડી વિસ્તારમાં આજદિન સુધી કેશડોલ ચુકવવામાં આવી નથી. સરકારી અધિકારીઓ સર્વે કરી ગયા હતા.

Centre for Personnel Talent Management (CEPTAM)
*Scrutinize, Actualize & Recognize Human Potential*

Defence Research & Development Organisation (DRDO)
Ministry of Defence, Government of India

ISO 9001:2015

*"Government strives to have a workforce which reflects gender balance and women candidates are encouraged to apply"*

CEPTAM-09/Admin & Allied (A&A)

DRDO Looking for young, promising and energetic aspirants to serve the Nation in Group-C, Non-Gazetted Posts under Admin & Allied Cadre (224 Vacancies#)

POST NAME:- Stenographer Grade-II, Administrative Assistant-'A', Store Assistant-'A', Security Assistant-'A', Clerk (Canteen Manager Grade-III), Asstt Halwai-cum-Cook, Vehicle Operator-'A', Fire Engine Driver-'A' and Fireman

Essential Qualification$
❑Pass in 10th Standard from a recognised Board.
❑12th Class pass Or equivalent from a recognised Board or University *[for the post of Stenographer Grade-II, Administrative Assistant, Store Assistant and Security Assistant]*

Age Limit
18 and 27 Years (Relaxations as per Govt. of India rules).

Scheme of Exam
Tier-I : Computer Based Test (CBT)
Tier-II: Trade/ Skill/ Physical Fitness & Capability Test, wherever applicable (QUALIFYING)

Remuneration & Other Benefits
❑ Pay at level 2, as per 7th CPC for all posts except Stenographer Grade-II i.e. Pay Level 4.
❑ CSD, Medical Facility, Leave Travel Concession, Children Education Allowance and other allowances/advances as per Govt of India rules.

DAVP 10301/11/0079/1920

$The full advertisement regarding detailed information of vacancies, eligibility, registration, application & selection procedure will be published in Employment News dated 21-27 Sept 2019 and will also be available on (https://www.drdo.gov.in/drdo/ceptam/ceptamnoticeboard.html). Online registration will begin on 21st Sept 2019 (10:00 hrs) and closing date is 15th Oct 2019 (17:00 hrs). Apply early, to avoid network congestion and ensure your candidature for the online examination. The Date of Exam will be published on our website later.

Apply online through QR code
Step 1: Download QR code scanner app
Step 2: Open QR code scanner app & scan it
Step 3: Open URL & follow the instructions

*# The Number of Vacancies may vary depending on organisational requirements.*

Helpdesk Support:
Email: ceptam-drdo@gov.in
Helpline: 011-23882323, 23819217
Website: www.drdo.gov.in